# સુરત મહાનગરપાલિકાની ખડી સમિતિની તા.૧૯–૧૦–૨૦૨૨ ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

* * * * * *

મ્યુ.કમિશનરશ્રીના તા.૨૧–૦૯–૨૦૨૨ ના પત્ર નં.સી.મી.સ./૯/૮ થી વિદિત થઈ, સુરત મહાનગરપાલિકાની (કોડ–૬૪) મેડીકલ સુપ્રિન્ટેન્ડન્ટની ૦૧ જગ્યા બિનઅનામત વર્ગના ઉમેદવારથી સીધી ભરતીથી ભરવા પસંદગી/પ્રતિક્ષાયાદી તૈયાર કરવાના હેતુસર જાહેરાત આપી લાયકાત પરિપુર્ણ કરતા અને ઈચ્છા ધરાવતા ઉમેદવારો પાસે મંગાવવામાં આવેલ ઓનલાઈન અરજીઓના સંદર્ભમાં આવેલ કુલ–૦૨ ઉમેદવારોની ઓનલાઈન અરજીઓ પૈકી આ સમિતિના તા.૧૦–૧૦–૨૦૨૨ ના ઠરાવ નં.૧૦/૨૦૨૨ અનુસાર કુલ–૦૧ ઉમેદવારને સમિતિ સમક્ષ ઈન્ટરવ્યુ માટે તા.૧૯–૧૦–૨૦૨૨ ના રોજ હાજર રહેવાનું જણાવતાં, આજરોજ સમિતિ સમક્ષ રૂબરૂ હાજર રહેલ કુલ–૦૧ ઉમેદવારનો સમિતિએ ઈન્ટરવ્યુ લઈ, પુખ્ત ચર્ચા વિચારણા કર્યા બાદ, સુરત મહાનગરપાલિકાની (કોડ–૬૪) મેડીકલ સુપ્રિન્ટેન્ડન્ટની બિનઅનામત વર્ગની ૦૧ જગ્યા માટે ડૉ.જીતેન્દ્રકુમાર રામચંદ દર્શન સમિતિને લાયક જણાયેલ હોય, તેઓને પગારધોરણ રૂા.૧૮૪૦૦–૨૨૪૦૦/–, પે બેન્ડ ૩૭૪૦૦–૬૭૦૦૦/–, ગ્રેડ પેઃ ૧૦૦૦૦/–, પે મેટ્રીક્ષઃ૧૪૪૨૦૦–૨૧૮૨૦૦/– (As per U.G.C.) તથા મળવાપાત્ર અન્ય ભથ્થાઓ સહિત જરૂર જણાયે પે પ્રોટેકટ કરી તેમની હાલની જગ્યાનું લીયન ચાલુ રાખીને એક વર્ષના અજમાયશી સમય માટે નિમણૂંક આપવાનું સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ મંજુર કરવામાં આવે છે.

વધુમાં, સુરત મહાનગરપાલિકા સભા સંચાલનના નિયમો ૧૯૮૦ ના નિયમ–૧૧ અનુસાર આ કામ તા.૨૧–૧૦–૨૦૨૨ ના રોજ મળનાર સામાન્ય સભા સમક્ષ તાકીદના કામ તરીકે રજુ કરવા આ સમિતિ સ્થાયી સમિતિને ભલામણ કરે છે.

ઠરાવ નં.૧૧/૨૦૨૨ સર્વાનુમતે મંજુર.

પ્રો.રા.સ્થાયી સમિતિ,

મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા.     –૧૦–૨૦૨૨.

નકલ સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ

INFORMATION PURPOSE ONLY

"This content is generated from www.suratmunicipal.gov.in for information purpose."